ભક્તિને જયાં સુધી
કર્મનો ટેકો નહીં મળે
ત્યાં સુધી ભક્તિ
રડવાની જ
- દત્તોપંત ઠેંગડી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૪ | ૧૩ જુલાઇ ૨૦૧૨, શુક્રવાર, અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સે. ૬ અને ૧૪માં ઝાડા-ઉલ્ટીના વધુ ૮ કેસ

## પાણીનો આજે કેમીકલી ટેસ્ટ કરાવવા માટે પાટનગર યોજના તંત્રનો નિર્ણય : સુપર ક્લોરીનેશન બાદ હવે સેક્ટરોમાં લીકેજીસ શોધવા માટે પણ આજે કવાયત થશે

ગાંધીનગર, તા. ૧૨

નવા સેક્ટરોમાં અપાતા પેયજળના પુરવઠાના કેમીકલ ચેકિંગ કરાવવાનો પાટનગર યોજના તંત્રએ નિર્ણય કર્યો છે. સુપર ક્લોરીનેશન સાથે આ પેયજળનો પુરવઠો અપાયા બાદ આજે લેવાયેલ ૧૫ જેટલા નમુનામાં ક્લોરીન ટેસ્ટ પોઝીટીવ જણાઈ આવ્યો હતો.

દરમ્યાન સે. ૬ અને સે. ૧૪ માંથી આજે વધુ ૮ નવા કેસ ઝાડા ઉલ્ટીના મળી આવ્યા છે. આને પગલે જિલ્લા તંત્રએ હવે સર્વેલન્સને સઘન બનાવવાની સાથે સાથે રોગચાળાની આ સ્થિતિના કારણો શોધવાનો પણ નિર્ણય કર્યો છે.

સે. ૬ અને ૧૪માં બનેલા ઝાડા-ઉલ્ટીના કુલ કેસોની સંખ્યા ૪૫ જેટલી થવા જાય છે. આ બન્ને સેક્ટરોમાં પહેલા પ્રદૂષિત પાણીને કારણે કેસો બન્યા હોવાનું તારણ હતુ અને તંત્રએ સુપર ક્લોરીનેશન પેયજળ આપવા જણાવ્યું હતું. પાટનગર યોજના તંત્ર દ્વારા સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો ચાલુ કરવામાં આવ્યો છે.

બે દિવસ દરમ્યાન ત્રીસ થી પણ વધુ પાણીના નમુના મેળવી અને તેની ચકાસણી દરમ્યાન ક્લોરીનેશન ટેસ્ટમાં તે ખરા ઉતરતાં તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે. પરંતુ હવે તંત્ર દ્વારા આ વિસ્તારમાં ક્યાંય લીકેજીસ છે કે કેમ તેની તપાસ કરવાનો તેમજ કેમીકલ ટેસ્ટ કરાવવાનો નિર્ણય લીધો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેમીકલ ટેસ્ય માટે નમુના મેળવી અને તે પાણી પુરવઠાની લેબોરેટરી સે. ૧૫ ખાતે ચકાસણી માટે મોકલી આપવામાં આવશે.

અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પેયજળની ગુણવત્તા અંગે સમયાંતરે ટેસ્ટ કરવામાં આવતા જ હોય છે. પરંતુ તેમાં ક્યાંય કોઈ પ્રકારની ક્ષતિ ધ્યાને આવી નથી.

સે. ૬ અને સે. ૧૪ના ગોકુલપુરા વિસ્તારમાં બનેલા ઝાડા-ઉલ્ટીના બનાવોને પગલે હવે જિલ્લાતંત્ર પણ દોડધામ વધી જવા પામ છે. આજે સે. ૬ માંથી વધુ ૬ કેસ અને સે. ૧૪માંથી ૨ કેસ મળી આવ્યા છે. આ બન્ને સેક્ટરોમાંથી અત્યાર સુધીમાં મળેલા કેસોની સંખ્યા જે ઝડપથી વધી રહી છે તે જોતાં તંત્ર દ્વારા હવે કોઈ મહત્વના પગલાંઓ લેવામાં આવે તેવી શક્યતાઓ રહેલી છે. આ વિસ્તારમાં ખાસ ઓ.પી.ડી. શરૂ કરવાની બાબતે વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

## કલેક્ટર કચેરીની મુલાકાતે માહિતી અધિકાર આયોગ ૧૬મીએ આવશે

ગાંધીનગર, તા. ૧૨

આગામી ૧૬મી જુલાઈના રોજ માહિતી અધિકાર આયોગના કમિશનરશ્રી ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવશે.

જિલ્લાના પ્રવાસ દરમ્યાન સાંજે ચાર વાગે કલેક્ટરશ્રીની કચેરી ખાતે તેઓ જિલ્લાના તમામ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. આ બેઠકમાં માહિતી અધિકાર અંતર્ગત જિલ્લા તંત્રને મળેલ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ થાય તે જોવા માટે તાકીદ કરવામાં આવશે.

જિલ્લામાં હાલ આવી અરજીઓ મોટી સંખ્યામાં પડતર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા કલેક્ટરશ્રીએ સંકલન સમિતિમાં વારંવાર આ મુદ્દે અધિકારીઓનું ધ્યાન પણ દોર્યું છે. હવે આયોગના કમિશનરશ્રી જાતે ગાંધીનગર કલેક્ટર કચેરીની મુલાકાતે આવી રહ્યા છે. તેમાં આ મુદ્દે સર્વગ્રાહી સમીક્ષા થશે.

## નગરના ગગનમાં વાદળો આવ્યા પણ વરસાદ ન આવ્યો....



(તસવીર : દિપક જાની)

## અડવાણી ૨૦મીએ ગાંધીનગર આવે છે

### ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ કમિટીની બેઠકમાં હાજરી આપવા તેઓ બીજીવાર આવે છે

ગાંધીનગર, તા. ૧૨

૨૦મી જુલાઈના રોજ ભાજપના વરિષ્ઠ અગ્રણી અને



ગાંધીનગરના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણી એક દિવસના પ્રવાસે ગાંધીનગર આવી રહ્યા છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ મોનીટરીંગ સમિતિના ચેરમેન હોવાની રૂએ તેઓ આ બેઠકમાં હાજરી આપવા માટે ગાંધીનગર આવી રહ્યા છે.

ગ્રામ વિકાસ એજન્સીની આ વિજીલન્સ કમિટીની બેઠકમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓ જે જિલ્લામાં ચાલી રહી છે જેવી કે ઈન્દિરા આવાસ યોજના, મનરેગા સહિતની સમીક્ષા કરશે.

છેલ્લી કમિટીની બેઠકમાં તેઓ હાજરી આપી હતી આ પછી તેઓ બીજીવાર આ કમિટીની બેઠકમાં ખાસ હાજરી આપવા માટે આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર મનપાને સત્તા આપવાની માંગ સાથે ૧૬મીએ કોંગ્રેસ ધરણાં કરશે

### આજે જિલ્લા પોલીસ વડાને તથા ૧૮મીએ શિક્ષણાધિકારીને આવેદન-પત્ર પણ અપાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાને ગુજરાત મ્યુનિ. પ્રોવીન્સીયલ એક્ટ હેઠળની તમામ સત્તાઓ સોંપવાની માંગણી સાથે કોંગ્રેસ પક્ષ ૧૬મી જુલાઈના રોજ ઘ-૩ ખાતે ધરણા અને દેખાવો કરશે.

શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલ અને કોર્પો. પક્ષના નેતા શ્રી ચીમન વિંઝુડાએ આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતુ કે આ ધરણા અને દેખાવો દરમ્યાન પ્રદેશ નેતાઓ પ્રદેશ પ્રમુખશ્રી મોઢવાડિયા, શ્રી શક્તિસિંહજી ગોહિલ, શ્રી નરહરિભાઈ અમીન, શ્રી શંકરસિંહ વાઘેલા સહિતના આગેવાનોને હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યા છે. આ આગેવાનો આ કાર્યક્રમમાં હાજર રહે તે માટે શહેર એકમ તરફથી તેમને વિનંતી પણ કરવામાં આવી છે.

આ ધરણા અને દેખાવો બાદ આ મુદ્દે જિલ્લા કલેક્ટરશ્રીને તેમની કચેરીમાં જઈ આવેદન-પત્ર પણ આપવામાં આવનાર છે. આજે શહેર-જિલ્લાની મળેલ મહત્વની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતુ કે આજની બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તેમજ પક્ષના વિવિધ સંગઠ્ઠનોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચના કરાયાને બે વર્ષનો સમયગાળો થઈ ગયો હોવા છતાં સફાઈને બાદ કરતાં કોઈ સત્તાઓ સોંપવામાં આવી નથી. કોર્પોરેશન માટે વધુ જગ્યા ફાળવણીની કરાયેલી માંગણીનો પણ સ્વીકાર કરવામાં આવ્યો નહિ હોવા સહિતની બાબતોને આવેદન-પત્રમાં સમાવી લેવામાં આવશે તેમ આ આગેવાનોએ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ખોવાયેલ છે

ઉપરના ફોટાવાળા **બુઢા તુષાર ટેકબહાદુર** ઓમ લેન્ડમાર્ક હોસ્ટેલમાંથી કહ્યા વગર નીકળી ગયેલ છે. આ બાબતમાં કોઈને માહિતી મળે તો **પ્રિન્સીપાલ ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા, (મો. નં. ૯૭૨૭૭૬૪૮૦૪)** પર સંપર્ક કરવો.




